# Press Note

આજ રોજ તા.08/01/2017 ના રોજ એક ઇસમ નામે છોટુરામ રામકરણ બિંદ વાળાએ રૂબરૂ નાની દમણ પો.સ્ટે.આવીને જણાવેલ કે હું આજે મંછા કોમ્પ્લેક્સ પાસે આવેલ ATM માં પૈસા ઉપાડવા માટે ગયેલ તે વખતે બે અજાણ્યા ઇસમો જે ATM માં પહેલાથી જ અંદર હતા અને તેઓએ મને કહેલ કે આ ATM કામ કરતું નથી જેથી તમારે પૈસા જોઈતા હોય તો બીજા ATM માંથી ઉપાડો, જેથી હું બીજા ATM માં પૈસા ઉપાડવા માટે ગયેલ જે ATM માં મારો ATM કાર્ડ અને ATMPIN એન્ટર કર્યા પછી તેઓએ કહેલ કે આ તમારું ATM કાર્ડ ચાલતું નથી, જેથી હું ત્યાથી નીકળીને બહાર ઊભો રહ્યો અને મને શંકા જતાં હું બહાર ઊભો રહી આ લોકો શું કરે છે ? તે જોતો હતો, અને મે જોયેલ કે તે જ સમયે તે લોકોએ મારા કાર્ડના લોગઇન ઉપરથી તે લોકો એ રૂપિયા 10000/- કાઢી અને બહાર નીકળી ગયેલ અને બહાર નીકળી રિક્ષા નંબર GJ 15 AV 1219 માં બેસી જતાં હતા જેથી મને શંકા જતાં મે તેમનો પીછો કરેલ અને આઈસ ફેક્ટરી ખારીવાડ પાસે મે આ રીક્ષા રોકાવી, રીક્ષા રોકાવતાં તેઓ ગભરાઈ જઈ રીક્ષાની બહાર ઉતરી પડેલ અને તેવામાં આ રિક્ષા વાળો ત્યાથી ભાગી ગયેલ અને આ બે અજાણ્યા ઇસમો જેમના નામ 1) દિપકકુમાર બાલમિકપ્રસાદ પટેલ, ઉ.વ.24, રહે-દિલ્હી, મૂળ નિવાસી-મધ્યપ્રદેશ, તેમજ 2) રાહુલ પરમોદ સિંગ, ઉ.વ.24, રહે-દિલ્હી, મૂળ વતન-બિહાર વાળાઓને ને જાહેર જનતાની મદદથી પકડી પાડેલ. જેમાં આ રીક્ષા ચાલક ફરાર થઈ ગયેલ જે રીતેની ફરિયાદ આપતા નાની દમણ પો.સ્ટે.ના IPC ની કલમ 420,R/w 34 મુજબ ગુન્હો નોંધવામાં આવેલ.

જેમાં ફરાર ઓટો રિક્ષાના ચાલકને પકડવા માટે મહેરબાન DIGP દમણ-દીવ અને દાદરા નગર હવેલી શ્રી બ્રજેશકુમાર સિંગ અને મહેરબાન SP શ્રીરેજુ કુરુવિલ્લા તેમજ SDPO શ્રી રવિન્દ્રકુમાર શર્મા વાળાઓના માર્ગદર્શન હેઠળ નાની દમણ પો.સ્ટે. ઇન્ચાર્જ ભરત પુરોહિતના નેતૃત્વમાં હેડ કોન્સટેબલ કૃષ્ણવિજય ગોહિલ, સુનિલ ત્રિવેદી તેમજ પોલીસ કોન્સ્ટેબલ સુમિત ભક્તિ, જિગ્નેશ પટેલ, સ્નેહલ સોલંકી તેમજ કેવલ પટેલ વાળાની ટીમ બનાવી આ કામના ભાગતા આરોપી નામે ફારૂક ગુલામ મોહમ્મદ, રહે-ડાભેલ, નાની દમણ. મૂળ વતન-બિહાર વાળાને વાપી વિસ્તારમાથી પકડી પાડેલ. જેમાં તમામ આરોપીને પકડી પૂછપરછ કરતાં તેઓએ પોતાનો ગુન્હો કબુલ કરેલ અને જણાવેલ કે તેઓએ આજ પ્રકારે દમણ, વાપી, પારડી, સિલવાસા તેમજ દાદરા વિસ્તારમાં આજ પ્રકારે ગુન્હો કરેલ છે.

આમ દમણ પોલીસ દ્વારા ગુન્હાના કામના તમામ આરોપીઓને 24 કલાકથી ઓછા સમયમાં પકડી પાડવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. અને આગળનું તપાસ કામ દમણ પોલીસ દ્વારા ચાલુ રાખવામા આવેલ છે.



## नानी दमण पुलिस ने लोगों को सांझा देकर एटीएम से पैसा निकालनेवाले गिरोह को धरदबोचा

दमण: सोमवार को नानी दमण पुलिस ने लोगो को सांझा देकर एटीएम से पैसा निकालनेवाले गिरोह को धर दबोचने में सफलता प्राप्त की। इस संदर्भ में नानी दमण पुलिस के पीआई भरत पुरोहित ने बताया कि छोटुराम रामकरण सिंग नामक एक व्यक्ति ने नानी दमण पुलिस को सूचना दी कि दोपहर में मशाल चौक पर स्थित एचडीएफसी बैंक के एटीएम में जब वो पैसा निकालने गया तो वहां पर खडे एक व्यक्ति ने उसे मदद ऑफर की। उस अज्ञात व्यक्ति ने छोटुराम का एटीएम लिया और पिन नंबर पूछकर कार्ड मशीन में लगाया और मशीन काम नहीं कर रही है करके वापस कर दिया। बाद में उस व्यक्ति ने १० हजार रुपए निकाल लिए। संयोग से छोटुराम ने यह देख लिया और पब्लिक को आवाज लगाई। आवाज सुनकर पब्लिक ने उस अज्ञात व्यक्ति को दबोच लिया। इसी बीच उसका एक साथी जो कि रिक्शा चालक था वह भाग गया। बाद में पब्लिक ने पकडे हुए व्यक्ति को नानी दमण पुलिस के हवाले कर दिया। पुलिस ने रिक्शा क्रमांक जीजे-१५-एवी-१२१९ के चालक का पीछा करते हुए वापी से धरदबोचा। इस गिरोह के तीसरे साथी को भी पुलिस ने पकड लिया। पुलिस ने इन पर भारतीय दंड संहिता की धारा ४२० और ३४ के तहत मामला दर्ज कर जांच शुरु कर दी है। पकडे गए ठगों के नाम दीपक कुमार वाल्मिक प्रसाद पटेल (२४) निवासी दिल्ली, मूल निवासी मध्यप्रदेश, राहुल प्रमोदसिंग (२४) निवासी- दिल्ली, मूल निवासी बिहार, फारुक गुलाम मोहम्मद, निवासी- दाभेल, मूल निवासी बिहार है। पकडे गए ठगो ने वापी, पारडी, दमण और सिलवासा में भी ऐसे कई घटनाओं को अंजाम दिया है। ठगों के इस गिरोह को पकडने में हेड कांस्टेबल कृष्ण विजय गोहिल, सुनील त्रिवेदी, पुलिस कांस्टेबल सुमीत भक्ति, जिग्नेश पटेल, स्नेहल सोलंकी, केवल पटेल ने महत्वपूर्ण भूमिका निभाई। इस संदर्भ में नानी दमण पुलिस स्टेशन के पीआई भरत पुरोहित ने आम जनता से अपील की है कि किसी भी अंजान व्यक्ति को अपने एटीएम का पिन नंबर ना बताए और जहां तक हो सके अपना काम खुद करने की कोशिश करे।

**ISSUED**
**DAMAN POLICE**